# ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

**(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)**

"જ્યોતિર્મય પરિસર"

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માર્ગ,

છારોડી, એસ.જી.હાઈવે, અમદાવાદ-૩૮૨૪૮૧.

**website : www.baou.edu.in**

# ભાગ 1: ટેકનીકલ બીડ

## હાઈ રાઈઝ માસ્ટ પોલ તૈયાર કરવા અંગેનું ઈ-ટેન્ડર

**ટેન્ડર આમંત્રિત કરનાર:**

કાર્યકારી કુલસચિવ

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,

જ્યોતિર્મય પરિસર,

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માર્ગ,

છારોડી, એસ.જી.હાઈવે,

અમદાવાદ-૩૮૨૪૮૧.

| No. | Details | |
|---|---|---|
| **(A)** | **Tender Scheduled** | |
| | Name of Tender | E-tender for Providing & Installation work for High Rise Mast Poll |
| | Tender No. | BAOU / REG / ADM / ESTATE / |
| | Approximate Expenditure | 6,00,000/- |
| | Tender Opening (Date & Time) | 16/10/2018 |
| | Pre Bid Conference with Vendors (Date & Time ) | Date- 23/10/2018<br>Time- 16.00 hrs. |
| | Pre Bid Conference at | Dr. Babasaheb Ambedkar Open University |
| | Tender Closing (Date & Time) | Date- 05/11/2018<br>Time- 18.00 hrs. |
| | Submission of Hard Copy of Tender form, Tender Fee, E.M.D. (Through R.P.A.D/Speed Post, Courier Or hand Delivery in Sealed Cover) | Date- 13/11/2018<br>Time- 17.30 hrs. |
| | Technical Bid AND financial Bid Opening (Date & Time) and Place | Date- 16/11/2018<br>Time- 12.30 hrs.<br>Board room, Dr. Babasaheb Ambedkar Open University, S.G.Highway, Chharodi, Ahmedabad-382481. |
| | Processing Chargers Fee Amount | Rs 1500/- |
| | E.M.D Amount | Rs 18,000/- |
| | Security Deposit | As per Government Gujarat Purchase Rule |
| | Time Limit | Annual Service |

## <u>પરિશિષ્ટ–૧</u>

# હાઈ રાઈઝ માસ્ટ પોલ તૈયાર કરવા અંગેની સામાન્ય શરતો.

1. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી રાજય સરકારશ્રી દ્વારા સ્થાપિત સ્વાયત સંસ્થા છે. આ યુનિવર્સિટી દ્વારા વિવિધ અભ્યાસક્રમો રાજયમાં સ્થાપવામાં આવેલ અલગ–અલગ અભ્યાસ કેન્દ્રો ઉપર ચલાવવામાં આવે છે. જેના અમદાવાદ મુખ્ય મથક ખાતે ઈન્સ્ટોલેશનની કામગીરી કરવાની રહેશે. ટેન્ડર આનુષાંગિક કામગીરી યુનિવર્સિટી મુખ્ય મથક ખાતે કરવાની રહેશે.
2. ટેન્ડરરને શૈક્ષણિક સંસ્થાઓ/ સરકારી – અર્ધ સરકારી સંસ્થાઓ/ પ્રતિષ્ઠિત સંસ્થાઓ/ કોર્પોરેટ કચેરીઓ વગેરેમાં હાઈ રાઈઝ માસ્ટ પોલ તૈયાર કરવા અંગેનો અનુભવ હોવો આવશ્યક છે.
3. આ કામની સેવા આપવા ઈચ્છુક ટેન્ડરર પાસે શોપ્સ એન્ડ એસ્ટાબ્લીસમેન્ટ હેઠળ નોંધણી, જરૂરી લાયસન્સ, પાન કાર્ડ, વેટ, સર્વિસ ટેકસ, જી.એસ.ટી. નંબર વગેરે અને અન્ય આવશ્યક હોય તે નોંધણી થયેલ હોવા જરૂરી છે તથા તે દરેકની નકલ ટેન્ડર ફોર્મની સાથે અચૂક બિડાણ કરવાની રહેશે.
4. ટેન્ડરર પાર્ટી દ્વારા ટેન્ડરની ફાઇનાન્સિયલ બીડમાં દર્શાવેલ તમામ આઈટમ સામેના ભાવ આપવા ફરજીયાત છે.
5. ટેન્ડરરે તેઓએ કરેલ કામગીરી સંબધિત ગ્રાહકોની વિગત <u>પરિશિષ્ટ:05</u> મુજબ આપવાની રહેશે.
6. ટેન્ડરરે પોતે માલિકી/ ભાગીદારી પેઢી/ પ્રાઈવેટ લીમીટેડ કંપનીએ તેઓના માલિકના/તમામ ભાગીદારોના નામ, સરનામાં, કચેરી તેમજ રહેઠાણના સરનામાં, સંપર્ક નંબરો (મોબાઈલ અને લેન્ડ લાઈન ફોન નંબર) સાથેની વિગત તેઓના લેટરહેડ ઉપર અચૂક આપવાના રહેશે.
7. ટેન્ડરરે કોઈપણ સંસ્થા દ્વારા બ્લેક લીસ્ટ થયેલ નથી તે મુજબની લેખીતમાં બાહેંધરી આપવાની રહેશે.
8. ટેન્ડરર કંપનીના સરનામાં/સંપર્ક નંબરમા ફેરફાર થવાના કિસ્સામાં તેમજ ભાગીદારોના કિસ્સામાં ફેરફાર થાય તેવા સંજોગોમાં કંપનીના લેટરપેડ ઉપર યુનિવર્સિટીને તાત્કાલીક લેખીતમાં જાણ કરવાની રહેશે. જો આ અંગેની કોઈ ગેરરીતિ ધ્યાન ઉપર આવશે તો ટેન્ડર તાત્કાલીક અસરથી રદ કરી ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે.

9. કોઈપણ જાતના શરતી ટેન્ડર સ્વિકારવામાં આવશે નહી અને આ પ્રકારના ટેન્ડર રદ થવાને પાત્ર ગણાશે.
10. કોઈપણ ટેન્ડર સંપૂર્ણ અગર અંશતઃ સ્વિકારવાનો કે એક થી વધુ ટેન્ડરરના ભાવો માન્ય રાખવાનો, તમામ કે કોઈપણ ટેન્ડર કોઈપણ કારણ આપ્યા સિવાય રદૃ કરવાનો યુનિવર્સિટીને અબાધિત હકક રહેશે.
11. ટેન્ડર ઓપન થયા બાદ કોઈપણ ટેન્ડરર તેઓના ભાવ પાછા ખેંચી શકશે નહી તેમ છતાં જો કોઈ ટેન્ડરર તેમ કરશે તો તેઓની અર્નેસ્ટ મની ડિપોઝીટ જપ્ત કરી બ્લેક લીસ્ટ કરવામાં આવશે.
12. જે ટેન્ડરરના દર માન્ય થશે તો તે દર પાર્ટી સાથે ટેન્ડરર તરીકે નિમણૂંકના કરાર કર્યા તારીખથી એક વર્ષ સુધી અમલમાં રહેશે
13. <u>ટેન્ડરર દ્વારા ભરવામાં આવેલ ભાવ એક વર્ષના રહેશે.</u>
14. ટેન્ડડર દ્વારા ભરવામાં આવેલ ભાવ તમામ ટેકસ સાથેના તથા સેવાઓ યુનિવર્સિટી મુખ્ય મથક સુધી પહોચતા કરવા સાથેના ભરવાના રહેશે. અન્ય કોઈ એલાઉન્સ અલગથી મળવાપાત્ર રહેશે નહિ.
15. ટેન્ડર આનુષાંગિક સેવાઓ પૂરી પાડવા સામે કોઈપણ પ્રકારની એડવાન્સ રકમ ચૂકવવામાં આવશે નહિ.
16. ટેન્ડરરે ચૂકવણાંના બીલો ''ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી''ના નામજોગ બનાવી દિનઃ15માં રજૂ કરવાના રહેશે. બીલના ચૂકવણામાંથી સરકારશ્રીના ધારા–ધોરણ મુજબ Tax કપાત કરવામાં આવશે.
17. ટેન્ડર/કરાર અંગેની કોઈપણ શરતોના ભંગ તથા અયોગ્ય સેવાઓના  કિસ્સામાં ટેન્ડરર તરીકે નિમાયેલ પાર્ટીનો કોન્ટ્રાકટ રદ કરવામાં આવશે.
18. ટેન્ડરની સામાન્ય શરતો, કરારની શરતો અગર ટેન્ડર સ્વિકૃતિ નિયમો અર્થઘટન કે વિવાદાસ્પદ પરિસ્થિતિમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

## પરિશિષ્ટ–૨

# હાઈ રાઈઝ માસ્ટ પોલ તૈયાર કરવા અંગેની આવશ્યક શરતો.

1. ટેન્ડર ભરનારે એ વાત સમજી લેવાની રહેશે કે તેણે ટાંકેલા દર પુરાં થયેલા કામ માટેના છે અને તેમાં મજુરી, દેખરેખ, સર્વિસ-કામગીરી, રોયલ્ટી વગેરે અંશે તમામ ખર્ચનો તથા જરૂરી જણાય તો અને ત્યારે રાતપાળીના કામને આવરી લેવા બધાજ વધારાના ખર્ચનો સમાવેશ થશે અંતે ટાંકેલા ભાવ કે દર કરતા વધારાની કોઇ ચુકવણી અંગેના તેમના કોઇ દાવા ધ્યાનમાં લેવાશે નહી અને ટેન્ડર ભરનાર ખોટી રજુઆતને કારણે અથવા કોઇ વ્યક્તિએ તેમને આપેલી માહિતીના આધારે પાછળથી કોઇ દાવા રજુ કરવા હકદાર રહેશે નહી. તેમનું ટેન્ડર ભરવા તથા તેમાં જુદા-જુદા ભાવ અને દર ભરવા માટે જરૂરી એવી તમામ માહિતી પોતાના પક્ષે ન મેળવી શકવાને કારણે પોતે ટેન્ડર રજુ કરવાને લીધે અથવા તેમાંથી ઉભા થતા કોઈ જોખમ કે જવાબદારીઓમાંથી છટકી શકશે નહિ.
2. ટેન્ડર ભરનારે ટેન્ડરમાં ભરેલા ભાવ ટકા આંકડા તે શબ્દોમાં જણાવવા, દરેક બાબત માટેની રકમ ગણી કાઢવી અને જરૂરી સરવાળા, ભાવ, ટકા આંકડા તેમજ શબ્દોમાં બંનેમાં લખવા અને રકમ ફકત આંકડામાં એવી રીતે લખવી કે પાછળથી તેમાં કોઇ ફેરફાર કરી શકાય નહી એ બાબતની ખાસ કાળજી રહેશે. કુલ રકમ આંકડામાં અને શબ્દોમાં બનેમાં લખવાની રહેશે.
3. જે કોન્ટ્રકટર અથવા કોન્ટ્રકટરોએ આ કામ માટે ટેન્ડર ભર્યુ/ભરવાના હોય એણે/એમણે એજ કામ માટેના ટેન્ડરમાં સાક્ષી તરીકે સહી કરવી નહિ. આ શરતનું પાલન ન થાય તો ટેન્ડર ભરનાર તેમજ સાક્ષી થનારનાં ટેન્ડર રદ કરી શકાશે.
4. ટેન્ડરરે ભાવ ભરતા પૂર્વે ટેન્ડર સામે કરવાની કામગીરીનું નિરીક્ષણ સ્વ-ખર્ચે અચૂક કરી લેવાના રહેશે.
5. હાઈ રાઈઝ માસ્ટ પોલ તૈયાર કરવા માટે ભરેલ ભાવ માલસામાન, મજુરી સાથે જરૂરીયાત પ્રમાણે ભાડા સાથેના તથા તમામ ખર્ચ સાથેના આપવાના રહેશે.
6. ટેન્ડરર દ્વારા સેવાઓ પૂરી પાડતા તેઓ કે તેઓના સ્ટાફ દ્વારા યુનિવર્સિટીની માલ–મિલ્કતને કોઈપણ પ્રકારના નુકશાન ન થાય તેની તકેદારી રાખવાની રહેશે અને જો કોઈપણ પ્રકારે યુનિવર્સિટીની માલ- મિલકતને નુકશાન થયેલ માલૂમ પડશે તો તેની ભરપાઈ ટેન્ડરર પાસેથી કરવામાં આવશે
7. ટેન્ડરર આ સેવાઓ અન્વયે સંબધિત નિયમ હેઠળની જોગવાઈ મુજબ જે કોઈ કાયદાકીય જવાબદારી થતી હશે તે ટેન્ડરની શરતનો ભાગ ગણાશે. તે પ્રમાણે ટેન્ડરરના કોઈપણ સંવર્ગના સ્ટાફની સુરક્ષા તથા લેબર કાયદા હેઠળ કાયદાકીય જવાબદારી, ફરજ અને પૂર્તતાની જવાબદારી પણ ટેન્ડરરની રહેશે.

8. ટેન્ડર ભરનારને વર્ક-ઓર્ડર મળ્યા બાદ દિવસ-૩૦માં સદર કામગીરી પૂર્ણ કરવાની રહેશે. સદર કામગીરી દિવસ-૩૦માં પૂર્ણ ન થયે નિયમોનુસાર પેનેલ્ટીની ભરપાઈ કરવાની રહેશે.
9. હાઈ રાઈઝ માસ્ટ પોલ, અમદાવાદ ઇન્ટરનેશનલ એરપોર્ટ તેમજ સાયન્સ-સીટી અમદાવાદ ખાતે આવેલ હાઈ રાઈઝ માસ્ટ પોલની ડિઝાઈન અને સ્પેસીફીકેશન મુજબનો બનાવવાનો રહેશે.

**પરિશિષ્ટ–૩**

# હાઈ રાઈઝ માસ્ટ પોલ તૈયાર કરવા ટેન્ડરની લાયકાત અંગેની શરતો

**1. ટેન્ડરર તરીકેની લાયકાતઃ–**

1.1 ટેન્ડર પાર્ટીઓને આ પ્રકારની કામગીરી માટે ઓછામાં ઓછો ત્રણ (3) વર્ષનો અનુભવ હોવો જરૂરી છે.

1.2 ટેન્ડરર એજન્સીનુ દર એક વર્ષનુ લધુત્તમ વાર્ષિક ટર્ન ઓવર રૂા.૧૫/- લાખ અને છેલ્લા બે નાણાંકીય વર્ષનુ એવરેજ ટર્ન ઓવર રૂા. ૩૦/- લાખ હોવું આવશ્યક છે.

1.3 યુનિવર્સિટી ધારા–ધોરણ પ્રમાણે નિયત ટેકનીકલ સક્ષમ ટેન્ડરરો ફાઇનાન્સિયલ બીડ માટે માન્ય થશે.

**2. ટેન્ડર ફોર્મઃ–**

2.1 ઉપરોકત સેવાઓ માટે નિયત થયેલ ટેન્ડર ફોર્મમાં ઓનલાઈન(www.nprocure.com પર) ભાવો ભરવાના રહેશે. નિયત કરેલા ટેન્ડર ફોર્મ **જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી** વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી શકાશે.

**3. ટેન્ડર ફોર્મ રજૂ કરવા અંગેઃ–**

3.1 સંપૂર્ણ વિગતો સાથે ભરેલ ફોર્મ **તા.૧૩/૧૧/૨૦૧૮**ના રોજ સાંજે 17.30 કલાક સુધીમાં યુનિવર્સિટી કાર્યાલયને મળી જાય તે રીતે સીલબંધ કવરમા રજી. પોસ્ટ મારફતે અગર માહિતી કાઉન્ટર ઉપરથી પહોંચ મેળવી રૂબરૂમાં રજૂ કરવાનુ રહેશે. કવર ઉપર **હાઈ રાઈઝ માસ્ટ પોલ તૈયાર કરવા માટેનું ઈ-ટેન્ડર** એમ સ્પષ્ટ મોટા અક્ષરે વંચાય તે રીતે લખવાનુ રહેશે.

3.2 નિયત સમય મર્યાદા બાદ મળેલ ટેન્ડર ધ્યાને લેવામાં આવશે નહિ.

3.3 ટેન્ડર ફોર્મમાં કોઈપણ જગ્યાએ થયેલ છેકછાક આગળ અને ટેન્ડર ફોર્મના દરેક પેજ ઉપર ટેન્ડરરે તેઓના સિકકા–સહી કરવાના રહેશે.

3.4 કોઈપણ જાતના શરતી ટેન્ડર સ્વિકારવામાં આવશે નહિ, આવા પ્રકારના ટેન્ડર રદ થવાને પાત્ર ગણાશે.

3.5 ટેન્ડરરે તેઓના નિયમોનુસારના નોંધણી સર્ટિફિકેટ, પાન કાર્ડ, વેટ, સર્વિસ ટેકસ વગેરે તમામ જરૂરી વિગતોની પ્રમાણિત ઝેરોક્ષ નકલ જોડવાની રહેશે.

3.6 ટેન્ડર ટુ બીડ સીસ્ટમની પ્રક્રિયાથી આખરીકરણ કરવાનુ હોઈ ટેન્ડરરે કુલ બે અલગ–અલગ કવર તૈયાર કરી નીચે મુજબ બિડાણ કરવાના રહેશે. જેમાં,

૧) પ્રથમ કવર EMD

૨) બીજુ કવર ટેકનીકલ બીડ અને ટેન્ડર ફોર્મ/ડોકયુમેન્ટ માટે.

કવર ઉપર **હાઈ રાઈઝ માસ્ટ પોલ તૈયાર કરવા માટેનું ઈ-ટેન્ડર** એમ સ્પષ્ટ મોટા અક્ષરે વંચાય તે રીતે લખવાનુ રહેશે.

## 4. અર્નેસ્ટ મની ડિપોઝીટ અને સિકયુરીટી ડિપોઝીટઃ–

4.1. સંપૂર્ણ વિગતો ભરેલા ટેન્ડર સાથે રૂા. 18,000/- અર્નેસ્ટ મની ડિપોઝીટ પેટે ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના નામનો, અમદાવાદ સ્થિત કોઈપણ નેશનલાઈઝ બેન્કનો ડિમાન્ડ ડ્રાફટ બિડવાનો રહેશે. અર્નેસ્ટ મની ડિપોઝીટનો ડ્રાફટ બિડવામાં નહિ આવ્યો હોય તેવા ટેન્ડર રદ થવાને પાત્ર ગણાશે.

4.2 જેઓનુ ટેન્ડર માન્ય રાખવામાં આવશે તેવા ટેન્ડરરની અર્નેસ્ટ મની ડિપોઝીટને સિકયુરીટી ડિપોઝીટ તરીકે ગણી લેવામાં આવશે તથા તફાવતની રકમનો પે ઓર્ડર/ ડિમાન્ડ ડ્રાફટ નિયત સમયમાં યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવાનો રહેશે.

4.3 નિયત થયેલ ટેન્ડરરના ભાવ સ્વિકારાયા બાદ જ તે સિવાયની પાર્ટીઓની અર્નેસ્ટ મની ડિપોઝીટના મૂળ ડી.ડી./પે ઓર્ડર પરત કરવામાં આવશે.

4.4 પાર્ટી સાથે આ પ્રકારની સેવા પૂરા પાડવાના થયેલા કરારનો સમયગાળો પૂરો થયા બાદ જ સિકયુરીટી ડિપોઝીટ પરત કરવામાં આવશે. તેમજ તેના ઉપર કોઈપણ પ્રકારનુ વ્યાજ આપવામાં આવશે નહિ.

## 5. ટેન્ડરના ભાવોઃ–

5.1 ભાવો ટેન્ડર ફોર્મમાં નિયત થયેલા ફોર્મેટમાં ઓનલાઈન ભરવાના રહેશે.

5.2 ટેન્ડરમાં ભરવામા આવેલ ભાવ કરાર થયા તારીખથી એક વર્ષ સુધી માન્ય રહેશે. સદર સમયગાળા દરમ્યાન નિયત ભાવ ઉપરાંતનો કોઈપણ વધારો આપવામાં આવશે નહી.

**6. <u>ટેન્ડરની સ્વિકૃતિ</u>ઃ–**

6.1 ટેન્ડરમાં ભરાઈને આવેલ ભાવો મંજૂર કર્યા અંગેની તથા સદર સેવાઓ આપવા માટેની ટેન્ડરરની સંમતિપત્ર મેળવવા ટેન્ડરરને લેખીત જાણ પત્ર દ્વારા કરવામાં આવશે

6.2 સદર કરવામા આવેલા કરાર અંગેના કોઈપણ વિવાદ બાબતે Subject to Ahmedabad Jurisdiction રહેશે.

**<u>પરિશિષ્ટ–૪</u>**

## <u>સં મ તિ પ ત્ર / ક રા ર ખ ત</u>

**સ્થળ :** ____________________

**તારીખ :** ____________________

પ્રતિ,
કુલસચિવશ્રી,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
અમદાવાદ.

**શ્રીમાન,**

આથી અમો ..........................................................................................................................................

યુનિવર્સિટીને **<u>હાઈ રાઈઝ માસ્ટ પોલ તૈયાર કરવા</u>** માટેના અમારા ભાવ આ અંગેના ટેન્ડર ફોર્મ સાથે www.nprocure.com પર મોકલીએ છીએ. આ કામ અંગેની બધી શરતો અને વિગતવાર વર્ણનો અમે વાંચેલ છે. અમોને તે તમામ શરતો તથા અર્થઘટનો કબુલ છે. અમારી નિમણૂંક કરવામાં આવશે તો તે અંગેના કામની શરતોનો કોઈપણ જાતનો ભંગ થશે તો અમો જવાબદાર રહીશું. યુનિવર્સિટી તે અંગે જે નુકસાનની રકમ નક્કી કરશે તે અમો ભરપાઈ કરી આપીશું. આ સમયગાળા દરમિયાન અમારા કામ માટે અમો કોઈ ભાવ વધારો માંગીશું નહીં.

ટેન્ડરર પાર્ટી : ..................................................................

સહી અને સિકકા : ______________________________

તારીખ : ____________________

**પરિશિષ્ટ–૫**

# Technical Detail

**Section A: Tenderer General Information**

| No. | Details | Description |
|---|---|---|
| 1 | Name of Company/Trust/ Institution/ Firm/ Agency/ Contractor | |
| 2 | Address of Company/Trust/ Institution/ Cooperative Institution/Agency/ Contractor | |
| 3 | Name and Address of Owner/ Trustee/Firm/ Management/ Partners/ Contractor | |
| | Phone/Fax No. | |
| | Mobile No. | |
| | E-mail ID | |
| | Website | |

**Section B: Primary Details**

| Tender Process / Form Fee Details: | |
|---|---|
| D.D. No./ Bankers Check No/Pay Order No. | |
| Name of the Bank: | |
| Amount: | Rs.1,500/- |
| Date: | |

| EMD Details: | |
|---|---|
| D.D. No./ Bankers Check No/Pay Order No. | |
| Name of the Bank: | |
| Amount: | Rs.18,000/- |
| Date: | |

| Details of Declaration | Stamp No. | Date |
|---|---|---|
| Declaration is to be submitted on 50/- rupees Non Judicial Stamp Paper that the tenderer is not defaulter, never blacklisted by any Government institution or department and has no binding of any police case . | | |

## Section C: Various Registration Details of Tenderer

| No. | Detail | Numbers | Date |
|---|---|---|---|
| 1 | Year of Establishment | | |
| 2 | Registration No. (R & B, CPWD, Government, Semi Government) | | |
| 3 | GST No. | | |
| 4 | PAN No. | | |
| 5 | Professional Tax No. | | |
| 6 | P.F. Registration No. | | |

## Section D: Details of work Compilation (In Financial form)

| Sr. No. | Financial Year | Name of Client | Period of Service | Total work Completion Amount |
|---|---|---|---|---|
| 1. | 2016-17 | | | |
| 2. | 2017-18 | | | |

## Section E: Details of Financial Turnover, Profit and other.

| Sr. No. | Financial Year | Audited Accounts Y/N | Total Turn over Rs. | Net Profit Rs. | Income Tax paid Rs. | Total Capital Rs. |
|---|---|---|---|---|---|---|
| 1 | 2016-17 | | | | | |
| 2. | 2017-18 | | | | | |

**Financial Criteria:**

1. Average annual financial turnover of the bidding firm should not be less than **Rs. 30 lacs** for last two years and minimum financial turnover should be **15 lacs** for each of last two year.
2. Attested copy of balance sheet with profit & loss account of last 2 financial years duly audited by chartered accountant.

**Section F: Details of experience**

| No. | Name, Address and Contact No. of the Offices | Duration | Amount of Contract | Other details |
|---|---|---|---|---|
| 1. | | | | |
| 2. | | | | |
| 3. | | | | |

Note: The tenderer should obtain and provide the performance certificate for the above mentioned experience in the format given below.

## Performance Certificate

It is Certified that M/s. (Tenderer) ______________________ had provide High Rise Mast Poll to our Office/ Firm ________________________________________ for the premises located at ________________________ for the period from ______________ (date-to-date). The annual financial component of the High Rise Mast Poll work contract for the above said work is Rs.___________________ (in words). The performance of the firm was / is satisfactory / good/ very good/ excellent.

Signature of the client (of the tenderer) with Seal of Client

# ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

**(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)**

"જ્યોતિર્મય પરિસર"

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માર્ગ,

છારોડી, એસ.જી.હાઈવે, અમદાવાદ-૩૮૨૪૮૧.

**website : www.baou.edu.in**

## ભાગ 2: ફાયનાન્સીયલ બીડ

## હાઈ રાઈઝ માસ્ટ પોલ તૈયાર કરવા અંગેનું ઈ-ટેન્ડર

**ટેન્ડર આમંત્રિત કરનાર:**

કાર્યકારી કુલસચિવ

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,

જ્યોતિર્મય પરિસર,

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માર્ગ,

છારોડી, એસ.જી.હાઈવે,

અમદાવાદ-૩૮૨૪૮૧.